# સેકટર-૭માં અસામાજીક તત્વોનો આતંક !

## પરણિતા અને તેના ભાઈ પર જાહેરમાં લાકડીઓ વડે હિંચકારો હુમલો : ગંભીર ઈજાઓ પહોંચાડી બંનેને લોહી લુહાણ કર્યા : હુમલામાં પોલીસ કર્મી પણ સામેલ હોવાનો મહિલાનો આક્ષેપ : મહિલા સુરક્ષાના નામે હજુએ પોલીસ લાચાર

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૭ સરદાર પટેલ સરકારી પ્રાથમિક શાળા સામે આવેલા સરકારી મકાનની આસપાસ અડ્ડો જમાવીને બેસતા કેટલાક લુખ્ખા તત્વોને જાણે કોઈનો પણ ડર ન રહ્યો હોય તેમ જાહેરમાં ખુલ્લે આમ એક લાચાર પરણિતાને દરરોજ બાઈક પર પીછો કરી મનફાવે તેમ બિભત્સ ગાળો બોલી હેરાન કરી માનસિક અને શારીરિક ત્રાસ આપતા પરણીતાએ પોલીસ ફરિયાદ આપી હતી. જેથી ઉશ્કેરાઈ આઠ-દસ લુખ્ખા તત્વોએ ગેરકાયદેસર મંડળી બનાવી આજે સવારે પરણિતા અને તેના ભાઈ પર લાકડીઓ વડે હિંચકારો હુમલો કર્યો હતો અને બંનેને લોહી લુહાણ કરી નાંખ્યા હતા અને ઈજાગ્રસ્ત ભાઈ-બહેન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવા જતા પોલીસ કર્મીઓ પણ લુખ્ખા તત્વોની ખુશામત કરતા હોય તેમ કલાકો સુધી ફરિયાદ ન નોંધતા બિમાર પતિની લાચાર પત્નીએ કલાકો સુધી લોહી લુહાણ હાલતમાં પોલીસ મથકમાં ફરિયાદ નોંધવા આજીજી કરી પરંતુ પોલીસ ઈન્સ્પેકટર અને પોલીસ કર્મીઓના પેટનું પાણી પણ હલ્યું નહીં જયારે મહિલા સુરક્ષાના નામે અનેક સેમિનાર યોજી ગાંધીનગર પોલીસે મહિલા સુરક્ષા માટે હેલ્પલાઈન શરુ કરી છે ત્યારે આ ઘટનાને જોતા પોલીસને જાણે કોઈની સુરક્ષાની પડી જ નથી તેમ વર્તાઈ રહ્યું છે અને અમને ઉપરથી દબાણ છે ફરિયાદ ન નોંધવા માટે અમે લાચાર છીએ તેમ કહી પોલીસવાળાઓએ હાથ ખંખેરી લીધા હતા. અંતે મહિલાએ કોર્ટમાં ફરિયાદ આપવાનું જણાવતા સેકટર-૭ પોલીસે ફરિયાદ નોંધી હતી.

આ ઘટનાની વિગત એવી છે કે ગાંધીનગર શહેરના સેકટર-૭-ડી ખાતે આવેલ સરકારી ચ-૧ ટાઈપના બ્લોકમાં ૨૧૫/૪માં ફરિયાદી પ્રાપ્તિબેન અપૂર્વભાઈ દવે તેમના પતિ અને તેમની સાત વર્ષની દિકરી સાથે રહે છે. તેમના પતિ છેલ્લા ઘણા સમયથી માનસિક બિમારીથી પીડાઈ રહ્યા છે. આથી બિમાર પતિ અને પુત્રીની તમામ જવાબદારી આ પરણીતા સંભાળે છે ત્યારે લગભગ છેલ્લા ચાર માસથી સેકટર-૭- સરદાર પટેલ પ્રાથમિક શાળા સામે સવાર-સાંજ અડ્ડો જમાવી બેસી રહેતા લુખ્ખા તત્વો તેમને પરેશાન કરી રહ્યા છે. જેમાં આ લુખ્ખા તત્વોને કેટલાક પોલીસ કર્મીઓ મદદ કરી રહ્યા છે તેવું

(તસવીર : નિકેશ બારોટ)



પરણિતા જણાવી રહી છે. સરદાર પટેલ સરકારી સ્કૂલ સામેની જમીન પર સાઈકલ અને ગાદલાની દુકાન પાસે બેસી રહેતા કેટલાક લુખ્ખા તત્વો દરરોજ બાઈક પર તેમનો પીછો કરે છે અને જાહેરમાં મોબાઈલથી ફોટા પાડે છે અને મનફાવે તેવી બિભત્સગાળો બોલે છે અને અશ્લીલ ચેનચાળા કરે છે જયારે અનેક વખત પત્થરા પણ ફેંકે છે.

છેલ્લા ચાર મહિનાથી આ બધી પરેશાનીથી અત્યંત ત્રસ્ત પરણિતાએ બે દિવસ પહેલા સેકટર-૭ પોલિસ મથકે લુખ્ખા તત્વો વિરુધ્ધ ફરિયાદ આપી પોતાના પરિવાર પર હિચકારો હુમલો થવાની આશંકા વ્યકત કરી હતી તેમ છતાં પોલીસે કોઈ પગલાં ન ભરતા પોલીસ નો જાણે કોઈ ડર ન હોય તેમ આજે સવારે આશિષ, પપ્પુ ઉર્ફે સુલ્તાન, સંગીતા અને કમળાબેન સહિતના આઠ-દસ લુખ્ખા તત્વોએ ગેરકાયદેસર મંડળી બનાવી ફરિયાદી મહિલા પ્રાપ્તિ અપૂર્વ દવે અને તેમના ભાઈ ડી.એમ. ગાંધી પર લાકડીઓ વડે હુમલો કર્યો હતો તેમજ ગડદા પાટુનો માર માર્યો હતો. જેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કર્યા હતા બાદમાં મહિલાએ આ હિચકારા હુમલા બાદ પોલીસ ફરિયાદ નોંધાવવા સેકટર-૭ પોલીસ મથક પહોંચી હતી. પરંતુ પોલીસ કર્મીઓએ ફરિયાદ નોંધવાની ઘસીને ના પાડી દેતા લુખ્ખા તત્વથી પરેશાન અને લાચાર પીડિતા કલાકો સુધી લોહી લુહાણ ભાઈને લઈ આજીજી કરતી રહી પરંતુ પોલીસ મથકના પોલીસ કર્મીઓ ટસના મસ ના થયા. મહિલા સુરક્ષા નામે જિલ્લા પોલિસે અનેક સેમિનાર યોજી મહિલા સુરક્ષા માટે અનેક હેલ્પ લાઈન શરુ કરી છે. પરંતુ આ ઘટના જોતા જિલ્લા પોલીસની યોજનાઓ પોકળ સાબિત થઈ છે.

અવારનવાર લુખ્ખા તત્વો દ્વારા પીડિતા પર થતા માનસિક ત્રાસથી કંટાળી આખરે લાચાર મહિલાએ ફરિયાદ ન નોંધનાર પોલીસ કર્મીઓને કોર્ટમાં જઈ ફરિયાદ આપવાનું જણાવતા કલાકોની આજીજી બાદ સેકટર-૭ પોલીસ મથકના પોલીસ કર્મીઓએ ફરિયાદ નોંધી અસામાજીક અને લુખ્ખા તત્વો સામે કાર્યવાહી હાથ ધરવા મહિલાને ખાત્રી આપી હતી.

**સેકટર-૭ સરકારી પ્રાથમિક શાળા સામેના ભાગે ગાદલા વાળાની દુકાન પર સવાર સાંજ બેસતા લુખ્ખા તત્વોના વાહનની ફરિયાદી મહિલાએ જણાવેલી યાદી**

જીજે-૧૮-એફ-૮૬૯૩
જીજે-૬-ડીજે-૨૪૬૯
જીજે-૧-એ એન-૯૪૦૪
જીજે-૧૮-આર-૪૦૪૨
જીજે-૧-ડીએફ-૭૫૮૨
જીજે-૧૮-એએફ-૩૬૧
જીજે-૧૮-જીએ-૬૦૦૦
જીજે-૧૮-એમ-૧૪૫

# લીમ્બડીયા શાળાનો પ્રવેશોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજય સરકાર દ્વારા દર વર્ષે શાળા શરૂ થયાના પ્રથમ અઠવાડિયામાં શાળા પ્રવેશોત્સવ દરેક ગામ અને શહેરની સરકારી શાળાઓમાં ખૂબ જ ધૂમધામપૂર્વક ઉજવાય છે. ગાંધીનગર જિલ્લાના લીમ્બડીયા ગામે ૧૫મી જૂને આંગણવાડી અને ધોરણ-૧માં પ્રવેશ કરતા વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ ઉજવાઈ ગયો.

ગાંધીનગર જિલ્લાના લીમ્બડીયા મુકામે આંગણવાડી અને ધોરણ-૧ના બાળકોને શાળા પ્રવેશ વખતે દફતર અને રમકડાંનું વિતરણ રાજયના ચીફ ઈલેકશન કમીશનર તથા એડિશનલ સેક્રેટરી સંજીવકુમારે કર્યુ હતું. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા ભાજપના મહામંત્રી અને રૂદ્રાક્ષ હોસ્પિટલના ચેરમેન હિતેન્દ્રભાઈ પટેલ તેમજ ગામના સરપંચ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ નવા પ્રવેશ કરતા વિદ્યાર્થીઓને દફતર અને રમકડાં આપ્યા હતા.

# આજે શહેરમાં કોંગ્રેસના દેખાવો

અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પંકજ શાહે જણાવ્યું હતું કે અમદાવાદ મહાનગર પાલિકાએ પ્રોપર્ટી ટેક્ષમાં વધારો કરેલ છે. અમદાવાદ શહેરની પ્રજાને ભાજપ મ્યુનિ. શાસનકર્તાઓએ ટેક્ષ વધારીને આર્થિક મુશ્કેલીમાં મૂકી દીધા છે. મધ્યમ ઝોન વિસ્તારમાં ડ્રેનેજ, પાણી, સ્ટ્રીટલાઈટ વગેરે જેવી પ્રાથમિક સુવિધા માટે પ્રજા પાસેથી રૂપિયા લેવાના હોવા છતાં પ્રશ્નો ઉકેલાતા નથી કોર્પોરેશન કુંભકર્ણની નિંદ્રામાંથી જાગૃત નથી.

# આદરજમાં સતત બીજા દિવસે વિજળી પડી : બળદનું મોત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર તાલુકાના આદરજ ગામે સતત બીજા દિવસે પણ વિજળી પડવાનો બનાવ બનવા પામ્યો હતો. આદરજ ગામમાં જ એક દિવસ અગાઉ અંબાજી માતાના મંદિરના ઘુમ્મટ ઉપર વિજળી પડી હતી અને તેના બીજા દિવસે ગામમાં જ આવેલ જીતીમાતાના મંદિર ઉપર વિજળી પડી હતી અને ઘુમ્મટને નુકશાન પહોંચ્યું હતું. સાથો સાથ ગામના જ એક ખેડુતના બળદનું મોત પણ વિજળી પડવાથી થયું હતું.

આદરજ ગામે આવેલા અંબાજી માતાના મંદિર ઉપર પડેલી વિજળીને હજુ તો એક દિવસ થયો છે ત્યાં આદરજ ગામે ગરબાવાળા વાસમાં જીતીમાતાના મંદિર ઉપર વિજળી પડવાથી મંદિરના ઘુમ્મટને નુકશાન પહોંચ્યું છે તેમજ આ જ ગામના ગરધનજીના વાસમાં રહેતા કેશાજી ચહેરાજીના બળદ ઉપર પણ વિજળી પડવાથી તેનું પણ મોત નિપજયું હતું. વિજળી પડવાની જાણ ગામના સરપંચ લાલાજી શંકરજી ઠાકોર દ્વારા તંત્રને કરી હોવા છતાં પણ દિવસ દરમિયાન કોઈ પણ ઉચ્ચ અધિકારીઓ ગામની મુલાકાતે આવ્યા નહોતા. આથી ગ્રામજનોએ તંત્ર સમક્ષ રોષ ઠાલવ્યો હતો.

# સેક્ટર-૨૭ની વર્ષો જૂની ગટર ઉભરાવાની સમસ્યાનો નગર સેવક દ્વારા ઉકેલ આવશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરને મહા નગરપાલિકાનો દરજ્જો મળ્યો તે



પહેલાં વિધાનસભા મત વિસ્તાર ગણાતો હતો. જેમાં સેક્ટર-૨૭માં ૧૦થી ૧૨ વર્ષથી ગટર ઉભરાવાની સમસ્યા અનેક લેખિત અને મૌખિક રજુઆત છતાં નિકાલ આવતો નહોતો. છેવટે મહાનગરપાલિકાના અસ્તીત્વ સાથે જ નગરસેવકને આ રજુઆત થઈ હતી અને ગંભીર ગણાતી આ બાબતને નગરસેવકે અથાક પ્રયત્નો અને સહકારથી સમસ્યાનો ઉકેલ લાવવા કામગીરી શરૂ કરાવી દીધી છે.

ગાંધીનગરના સેક્ટર-૨૭ની ગાયત્રીનગર અને આનંદનગર સોસાયટીના રહીશોના ઘરોમાં ગટર ઉભરાવાની સમસ્યા ૧૦ થી ૧૨ વર્ષથી ગટર ઉભરાવાની સમસ્યા અનેક લેખિત અને મૌખિક રજુઆત છતાં નિકાલ આવતો નહોતો. છેવટે મહાનગરપાલિકાના અસ્તિત્વ સાથે જ નગરસેવકને આ રજુઆત થઈ હતી. અને ગંભીર ગણાતી આ બાબતને નગરસેવકે અથાક પ્રયત્નો અને સહકારથી સમસ્યાનો ઉકેલ લાવવા કામગીરી શરૂ કરાવી દીધી છે.

મળેલ વિગત મુજબ ગાંધીનગરના સેક્ટર-૨૭ની ગાયત્રીનગર અને આનંદનગર સોસાયટીના રહીશોના ઘરોમાં ગટર ઉરાવવાની સમસ્યા ૧૦થી ૧૨ વર્ષ થી ચાલી આવતી હતી અને રહીશો જે તે સત્તાધીશો અને ધારાસભ્યોને લેખિત તથા મૌખિક અનેક રજુઆતો ઉગ્ર સ્વરૂપે કરી ચુકયા હતા. ચોમાસામાં તો રહીશોના ઘરો ગટરના પાણીથી છલકાઈ દુર્ગંધ મારતા હતા જેથી અહીંના લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

છેવટે ગાંધીનગરને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યો અને ચૂંટણી સમયે મતવિસ્તારમાં આવેલા ઉમેદવાર પ્રકાશભાઈ પટેલને રહીશોએ સમસ્યા અંગે ઉગ્ર રજુઆત કરી હતી. જેને પ્રકાશભાઈએ ગંભીરતાથી ઉકેલ લાવવાની તે સમયે ખાત્રી આપી હતી. નગરસેવક તરીકે ચુંટાયા પછી પ્રકાશભાઈ પટેલે ગટર ઉભરાવાની સમસ્યા અંગે નિવૃત્ત આર.એન્ડ.બી.ના ઈજનેર ભગુભાઈ પટેલનો સહકાર લઈ તમામ જાણકારી મેળવી હતી.

જે અંગે રાજય સરકારમાં નગરસેવકે રજુઆત કરી હતી. અને લેખિતમાં રજુઆત કરી માંગણી કરી હતી. રહીશોની લેખિત રજુઆત, નગરસેવકની માંગણી અને સ્થાનિક નિવૃત્ત ઈજનેરની ભલામણના અંતે આ સમસ્યાના ઉકેલ માટે નવીન લાઈન નાખવાની આરએન્ડબીએ જાહેરાત કરી ટેન્ડર બહાર પાડી કામગીરી શરૂ કરાવી દીધી છે.

નડીયાદના રૂષભ કન્સ્ટ્રકશન દ્વારા આ કામગીરી શરૂ કરે ૨૫ દિવસ થવા આવ્યા છે અને કામગીરી પૂર્ણતા તરફ છે. ૪૫૦ મીટરની આ કામગીરી ટુંક સમયમાં પૂર્ણ થઈ કાર્યરત થઈ જશે ત્યારે રહીશોમાં સમસ્યાના ઉકેલથી



માર્ગ અને મકાન વિભાગના ચીફ ઈજનેર એન.કે. પટેલ સાથે પરામર્શ કરી સમસ્યાનો તાકીદે ઉકેલ લાવવા આનંદ અને સંતોષની લાગણી ઉભી થઈ છે. અને નગરસેવકે ખરા અર્થમાં પોતાની ફરજ બજાવ્યાનો સંકલ્પ પૂરો કર્યો છે.

# સે. ૨૫ સૂર્યનારાયણ સોસાયટીમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી વાહન અને મિલકત ચોરીના ગુનાહનું પ્રમાણ વધવા પામ્યું છે. ત્યારે ગતરોજ ગાંધીનગર શહેરમાં વધુ એક બાઈક ચોરીનો કિસ્સો બનવા પામ્યો હતો જેમાં ચોર બાઈક ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર શહેર સેક્ટર-૨૫ ખાતેની સૂર્યનારાયણ સોસાયટીના પ્લોટ નં. ૨૬૩/૨ માં રહેતા મુકેશભાઈ પ્રતાપભાઈ યાદવની માલિકીનું હિરોહાન્ડા સ્પ્લેન્ડર બાઈક નં. જીજે-૧૮-પી-૪૯૮૧ ધરાવે છે. અને ગતરોજ રાત્રે નિત્યક્રમ મુજબ બાઈક પોતાના ઘરના આંગણે પાર્ક કર્યુ હતું, દરમિયાન મોડી રાત્રે ૧૨ થી સવારે સાત વાગ્યાના ગાળામાં કોઈ ચોરી દસ હજારની કિંમતનું બાઈક લઈ પલાયન થઈ ગયો હતો. સવારે બાઈક માલિક ઘર આંગણે પાર્ક કરેલું પોતાનું બાઈક ન જોતા તેમણે તાત્કાલિક સેક્ટર-૨૧ પોલીસમથકે આવી બાઈકચોરી અંગે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી લીધો હતો. જેની વધુ તપાસ પી.એસ.આઈ. બી.એફ. ઝાલા ચલાવી રહ્યા છે.

# આજે સેક્ટર-૩-ડીમાં રૂક્ષ્મણિ વિવાહનું આયોજન

ગાંધીનગર શહેરના સેક્ટર-૩-ડીમાં આજે રૂક્ષ્મણિ વિવાહનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. શહેરના સેક્ટર-૩-ડી, નવરાત્રી ચોકમાં શ્રીમદ્ ભાગવત્ કથાનું આયોજન થયું છે. કથાના ભાગરૂપે આજે બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન રૂક્ષ્મણિ વિવાહનો પ્રસંગ વર્ણવવામાં આવશે. કલાબેન પંચાલ દ્વારા યોજાનાર પ્રસંગમાં સૌ ધર્મબંધુઓ અને ભક્તજનોને પધારવા ખાસ જણાવાયું છે.




મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગરની ડિરેકટરીનું વિમોચન : ગાંધીનગરનાં સ્થાપનાથી આવેલા મરાઠી પરિવારોનું મહારાષ્ટ્ર સમાજ ભવન સે-૨૧ ખાતે આવેલું છે. સમાજનાં પરિવારની પરિચય પુસ્તિકાનું વિમોચન થ્રીઈડિએટ, દબંગ ફેમ ચરિત્ર અભિનેતા અચ્યુત પોતદારનાં હસ્તે કરવામાં આવ્યું હતું. ગાંધીનગરની વિશેષ માહિતી અને સભાસદોના મૂળ વતન સાથેની માહિતીસભર પુસ્તિકાનાં વિમોચન પ્રસંગે ગાંધીનગરમાં વસતા સૌ સભ્યો અને કારોબારીના પદાધિકારીઓએ ઉપસ્થિત રહી ડિરેકટરીનાં વિમોચનને યાદગાર બનાવ્યો હતો. તસવીરમાં સીને કલાકાર અચ્યૂત પોતદાર, સોમનાથ ખાંદારે, સંજય થોરાત, સંતોષ મૂળે, ચંદ્રકાન્ત કાંબળે અને અન્ય દષ્ટિમાન થાય છે.

# લેકાવાડાનો કિશોર અઠવાડિયાથી ગુમ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક લેકાવાડા ગામે ભાડાના મકાનમાં રહેતા હરજીન્દ્રસિંહ સંગારસિંહ શીખનો ૧૪ વર્ષીય પુત્ર પવનસિંહ એક અઠવાડિયા પહેલા લેકાવાડા પોતાના ઘરેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક ચાલ્યો ગયો છે. જેથી પરિવારજનોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. પરિવારજનોએ ગુમ થનાર કિશોરની શોધખોળ માટે ચિલોડા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસ ફરિયાદ નોંધ ગુમ કિશોરની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક લેકાવાડા ગામે અજીતસિંહ સેધાજી વાઘેલાના



મકાનમાં હરજીન્દ્રસિંહ શીખ પોતાના પરિવાર સાથે રહે છે અને નોકરી કરે છે. જેમનો ૧૪ વર્ષીય માનસિક રીતે બિમાર પુત્ર પવનસિંહ ગત તા. ૧૬ જૂન-૨૦૧૩ના રોજ બપોરના સમયે પોતાના ઘરેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક ચાલ્યો ગયો છે. જે શરીરે પાતળા બાંધાનો, રંગે શ્યામ વર્ણ, મોઢુ ગોળ શરીરે બદામી કલરની ચડ્ડી તથા સફેદ અને જાંબલી કલરની ચોકડીવાળી આખી બાંયનું સર્ટ પહેરેલ છે. જેની ઉંચાઈ આશરે સાડા ચાર ફૂટની છે. તથા તેની છાતીના ભાગમાં વાગેલાનું નિશાન છે. જે પંજાબી ભાષા જાણે છે.

# દેનાબેંકનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

માણસા તાલુકાના પુન્દ્રા ગામે હાલ ફરજ બજાવતા શૈલેષકુમાર ઉપાધ્યાયને બેસ્ટ ફરફોર્મન્સ મેનેજર તરીકે અને બેસ્ટ એગ્રીકલ્ચર ફાઈનાન્સ ઈન ગાંધીનગર ઝોનનું ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

દેનાબેંકના કર્મચારીઓ અને અધિકારીઓને સન્માનીત કરવાનો કાર્યક્રમ તાજેતરમાં હિંમતનગર ટાઉનહોલ ખાતે યોજાયો હતો. સન્માન સમારંમાં બેસ્ટ પરફોર્મન્સ મેનેજર ઈન મોયદ બ્રાન્ચની દેના બેંકમાં ફરજ બજાવેલ શૈલેષકુમાર ઉપાધ્યાયની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવી ૩૪૦૦૦ રૂ.રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. સમગ્ર ભારતની ૧૭ બ્રાન્ચ ઈનામ માટે સિલેકટ થઈ હતી. જેમાંથી શૈલેષ ઉપાધ્યાયની મોયદ બ્રાન્ચની કામગીરી માટે સન્માનીત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત બેસ્ટ એગ્રીકલ્ચર ફાઈનાન્સ ઈન ગાંધીનગર ઝોનનો શિલ્ડ પણ તેમને એનાયત કરવામાં આવ્યો હતો. સન્માન સમારંભમાં ધરતીનો ધબકાર કટાર લેખક દોલતભાઈ ભટ્ટ અને ભરત કવિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમને દીપાવ્યો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૧૨

## તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૮૯ ટકા
વરસાદ ૫૭ મી.મી

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મેન ઓફ સ્ટીલ ૩ડી (હિન્દી): ૧૦.૨૦, ૧.૨૦,૪.૨૦, ૭.૨૦, ૧૦.૨૦

: સ્ક્રીન-૨ :
યે જવાની હૈ દિવાની ૨ : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
મેન ઓફ સ્ટીલ ૨ડી (હિન્દી) : ૯.૦૦
યમલા પગલા દિવાના ૨ : ૧૨.૦૦, ૩.૦૦, ૯.૦૦
યે જવાની હૈ દિવાની : ૬.૦૦

: સ્ક્રીન-૪ :
ફુકરે : ૮.૫૦, ૧૧.૩૫, ૨.૨૦, ૫.૦૫, ૭.૫૦, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

ફુકરે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મિ. અવતાર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ફુકરે : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
મેન ઓફ સ્ટીલ : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
અંકુર અરોરા મર્ડર કેસ : ૧૦.૦૦,
યમલા પગલા દીવાના-૨ : ૧૨.૧૫, ૬.૧૫
યે જવાની દીવાની : ૩.૧૫, ૯.૧૫

### ચિરાગ, કલોલ

પ્રીત છૂટે નહિ સાથ છૂટે નહિ - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સામાજિકક્ષેત્રમાં સફળતાનો યોગ. આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે.

**વૃષભ** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મળવાની સંભાવના છે. આર્થિક સ્ત્રોતમાં વૃદ્ધિના કાર્ય થશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : નોકરીમાં અધિકારીઓથી વિવાદ થઈ શકે છે. આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : સુખ- સુવિધા, પદ-પ્રતિષ્ઠામાં વધારો થશે. ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશનો યોગ બનશે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**કન્યા** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. સામાજિ કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીની સ્થિતિ મજબૂત રહેશે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : સંઘર્ષપૂર્ણ વાતારણમાં કાર્ય કરવું પડશે. કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવનમાં પણ કમી આવવાની શકયતાઓ છે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

**મીન** : નિર્ણય લેવામાં દુવિધા થશે, જેથી કાર્યની ગતિ પ્રભાવિત થશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. વીણાબેન જૂજારસિંહ રાઠોડ (ઉ.વ.૫૭) પ્લોટ નં. ૯૪૯/૨, સેકટર-૧૩ , ગાંધીનગર.
- સ્વ. વાલીબેન ઈશ્વરભાઈ દવે(ઉ.વ.૭૫) દવેવાસ, મુ. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન લાલભાઈ પરમાર(ઉ.વ.૬૬) મુ. સરગાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શિવદાસ સાંકળચંદ પ્રજાપતિ(ઉ.વ.૯૦) મુ. કાંઠા, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. બાબુભાઈ મૂળજીભાઈ પટેલ (ઉ.વ. ૫૫) મુ. હાલીસા, તા. દહેગામ, જિ. ગાંધીનગર.